# ભાવનગર મહાનગરપાલિકા

સર મંગળસિંહજી રોડ, ભાવનગર.

એસેસમેન્ટ વિભાગ

ભાવનગર મહાનગરપાલિકાનાં ઘરવેરાના ચિત્રા-ફુલસર વોર્ડની મિલકતોમાં
મિલકત વેરા સંદર્ભે હાથ ધરાયેલ ફેર-આકારણી અંગેની

## જાહેર નોટીસ

ભાવનગર મહાનગરપાલિકાના એસેસમેન્ટ વિભાગ દ્વારા ધ જી.પી.એમ.સી. એક્ટના પ્રકરણ-૮ની અનુસુચિ-કની, કલમ-૨૧(૨) અન્વયે ઘરવેરાના ચિત્રા-ફુલસર વોર્ડમાં સમાવિષ્ટ તમામ મિલકતોની મિલકત વેરા સંદર્ભે હાથ ધરવામાં આવી રહેલ ફેર-આકારણી સંબંધે અમલમાં આવતી નવી આકારણીની ચોપડી બાબત.

૧) ધ જી.પી.એમ.સી. એક્ટ ,૧૯૪૯ ના પ્રકરણ-૮ કરવેરાનાં નિયમોની અનુસુચિ-ક, ઘરવેરાના નિયમોના નિયમ-૨૧ ના પેટા નિયમ(૨) અન્વયે ઠરાવ્યા મુજબની વિગતે મિલકત કરોના હેતુ માટે નક્કી કરાયેલ મિલકત-કર આકારવા, ઉઘરાવવા તથા વસુલવાના હેતુથી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ઘરવેરાના ચિત્રા-ફુલસર વોર્ડ વિસ્તારમાં આવેલી ઈમારતો/જમીનો/જગાઓના સંદર્ભમાં કરવેરાના નિયમોના નિયમ-૯ ના ખંડ(ક) થી (જ) અન્વયે ઠરાવ્યા મુજબની વિગતે કાર્પેટ એરિયા રી-એસેસમેન્ટ સર્વે કરી નવી આકારણીની ચોપડી તૈયાર કરવામાં આવી રહી છે.

૨) ભાવનગર મહાનગરપાલિકાના એસેસમેન્ટ વિભાગ દ્વારા ઘરવેરાના ચિત્રા-ફુલસર વોર્ડ વિસ્તારમાં આવેલી ઈમારતો/જમીનો/જગાઓના રી-સર્વે આકારાણી પુર્ણ કરાયેલ ઈમારતો/જમીનો/જગાઓની બીલીંગ પ્રક્રીયા હાલ ગતીમાં છે જે આગામી ટુંક સમયમાં પુર્ણ કરવામાં આવનાર છે. આથી ઉક્ત વોર્ડના જે બ્લોકની રી-સર્વે આકારણી પુર્ણ થયેથી સંબંધિત મિલકતધારકોને સમયાંતરે સર્વે ફોર્મ તથા નિયમ ૧૫(૨)-૨૦(૨) ની ખાસ નોટીસ સ્થળ પર બજવવામાં આવશે.

૩) આ મિલકત-કર ભાવનગર મહાનગરપાલિકાના ઘરવેરાના ચિત્રા-ફુલસર વોર્ડ-વિસ્તારમાં આવેલ તમામ ઈમારતો/જમીનો/જગ્યાઓના/સંદર્ભમાં મિલકત વેરો ભરવાને પ્રથમત: જવાબદાર વ્યક્તિઓ/તેના ધારણ કરનારાઓનો/તેના ભોગવટો કરનાર હોવાનો વ્યાજબી રીતે દાવો કરતી હોય તેવી વ્યક્તિઓને મજકુર કરવેરા નિયમોના નિયમ-૧૩ અને ૧૫ અન્વયે ઠરાવ્યા મુજબ આથી જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે આ રી-સર્વે મુજબની નવી આકારણીની ચોપડીની ઘરવેરાના નિયમોના નિયમ-૯ ના ખંડ (ક) થી (જ) અન્વયે ઠરાવ્યા મુજબની વિગતોને લગતી તમામ નોંધો કે જે મિલકતરોના હેતુ માટે સને નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં જે-તે અસરકર્તા તારીખથી અમલમાં આવતી હોવાથી મજકુર આકારણીની ચોપડી ભાવનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતેના એસેસમેન્ટ વિભાગમાં રજાઓના દિવસો સિવાયના દિવસોએ તા.૧૫-૧૦-૨૦૨૪ સુધી કચેરી સમય દરમિયાન ૧૦:૩૦ કલાકેથી સાંજે ૬:૧૦ કલાક સુધી (બપોરે ૨:૩૦ થી ૦૩:૦૦ કલાક સિવાય) જોવા માટે ખુલ્લી રાખવામાં આવશે. મજકુર ઈમારત/જમીન/જગ્યાના માલિક/મિલકતવેરો ભરવાને પ્રથમત:જવાબદાર વ્યક્તિ/તેના ધારણ કરનાર તેનો ભોગવટો કરનાર હોવાનો વ્યાજબી દાવો કરતી હોય તેવી વ્યક્તિ કે ભોગવટો કરનાર એજન્ટને કોઈ પણ ચાર્જ લીધા વગર ઉક્ત ઈમારત/જમીન/જગ્યાને લગતી ઉક્ત ચોપડીનો કોઈ પણ ભાગ જોવા દેવામાં આવશે અથવા તેમાંથી કોઈ નોંધનો ઉતારો લેવા દેવામાં આવશે તેમજ મહાનગરપાલિકાની વેબસાઈટ www.bmcgujarat.com પર પણ આકારણીની ચોપડી સમયાંતરે ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૪) આથી જાહેર સુચના આપવામાં આવે છે કે મિલકત-કરના હેતુસર ભાવનગર મહાનગરપાલિકાના ઘરવેરાના ચિત્રા-ફુલસર વોર્ડ-વિસ્તારમાં સને નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં જે-તે અસરકર્તા તારીખથી અમલમાં આવતી અને મિલકત/ઈમારત/જગ્યાને લગતી કોઈ પણ નોંધ કે નોંધોની સામે કોઈ વાંધાના કારણો ટુંકાણમાં પણ પૂરેપુરા જણાવી તેવી લેખિત ફરિયાદ અરજી નિયત ફોર્મમાં જરૂરી સાધનિક પુરાવાઓ સહિત આ **નોટીસ પ્રસિધ્ધ થયાથી તા.૧૫-૧૦-૨૦૨૪ સુધીમાં અથવા ૧૫(૨)-૨૦(૨) ની ખાસ નોટીસ મળ્યા તારીખથી ૧૫ દિવસની મુદતમાં** મ્યુની.કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને પહોચે તે રીતે મોકલી આપવાની રહેશે તથા વહીવટી સરળતા ખાતર આવી વાંધા અરજી ભાવનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે એપેલેટ અધિકારી પાસેથી મળતા નિયત નમુનાનાં ફોર્મમાં રજુ કરવી. વધુમાં, મ્યુની.કમિશનરશ્રી સિવાયનાં અન્ય વ્યક્તિને સંબોધીને અથવા ઉપરોક્ત સમયમર્યાદા પછીથી રજુ થયેલ અને/અથવા પુરેપુરા કારણો જણાવ્યા ન હોય તેવી અને/અથવા અધૂરા કારણોવાળી અને/અથવા જરૂરી સાધનિક પુરાવાઓ વગરની કોઈ પણ વાંધા અરજી પર ધ્યાન આપવામાં આવશે નહીં અને આવી અરજી દફતરે કરવાને પાત્ર થશે. પ્રત્યેક મિલકતના સંદર્ભમાં સપૂર્ણ માહિતીવાળી અલગ-અલગ વાંધા અરજી રજુ કરવાની રહેશે. આ મુજબ કરેલ લેખિત વાંધા અરજીઓની તપાસ અને તેનો નિકાલ ધ જી.પી.એમ.સી.એકટના પ્રકરણ-૮ની અનુસુચિ-કના નિયમ ૧૬ થી ૧૮ અન્વયે અન્વયે ઠરાવ્યા મુજબ કરવામાં આવશે.

૫) વધુમાં, એવી પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે જો લેખિત વાંધા અરજી નિયત સમયમર્યાદામાં મ્યુની.કમિશનરશ્રીને પહોચાડવામાં ન આવ્યેથી અથવા તો ચુક થયેથી મજકુર બાબતમાં એવી વ્યક્તિ/વ્યક્તિઓને કોઈ જ વાંધો નથી તેમ સમજીને નિયમોનુસારની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૬) વાંધા અરજી નિયત કરેલ ફોર્મમાં રજુ કરવાની રહેશે. જે અરજી ફોર્મ, એપેલેટ વિભાગ, ચોથો માળ, મહાનગરપાલિકાની મુખ્ય કચેરીનો રૂબરૂ સંપર્ક કરી એપેલેટ અધિકારી પાસેથી વિના મુલ્ય મેળવી શકાશે.

૭) ભાવનગર મહાનગરપાલિકાની ફક્ત મુખ્ય કચેરીમાં જ વાંધા અરજીઓ એપેલેટ અધિકારી પાસે સ્વીકારવામાં આવશે તેમ જ એસેસમેન્ટ રજીસ્ટર એસેસમેન્ટ વિભાગ ખાતે વાંધા અરજી સ્વિકારવાની અંતિમ તારિખ સુધી જોવા માટે ખુલ્લા રાખવામાં આવશે.

૮) સદર વિસ્તારના ખુલ્લા પ્લોટો તથા બંધ મિલકતના મિલકતધારકોને સ્થળ પર સર્વે ફોર્મ તથા આકારણીની ૧૫(૨)-૨૦(૨) ની ખાસ નોટીસ ન મળ્યેથી એસેસમેન્ટ વિભાગ, ચોથો માળ, ભાવનગર મહાનગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરી મેળવી લેવા પણ આથી અનુરોધ કરવામાં આવે છે. વાંધા અરજી સ્વિકારવાની અંતિમ તારિખ બાદ આવા ખુલ્લા પ્લોટો/બંધ મિલકતોના મિલકતધારકો દ્વારા તેઓની થયેલ મિલકતની આકારણી સામે કોઈ વાંધો રજુ કરી શકશે નહી કે મહાનગરપાલિકા દ્વારા સ્વિકારવામાં આવશે નહીં.

૯) ઘરવેરા વિભાગના ચિત્રા-ફુલસર વોર્ડ-વિસ્તારની જે મિલકતોની રી-સર્વે આકારણી દરમિયાન જે કોઈ મિલકત ધારક દ્વારા માપણીમાં સહકાર આપેલ નથી અથવા જરૂરી આધાર પુરાવાઓ રજુ કરેલ નથી તે તમામ મિલકતોની આકારણી મહાનગરપાલિકા દ્વારા ધ જી.પી.એ.મ.સી.એક્ટની અનુસૂચિત 'ક' ના પ્રકરણ '૮' ના નિયમ '૮' મુજબ એક તરફી કરવામાં આવેલ છે અને આ થયેલ આકારણી સામે જે તે મિલકતધારક દ્વારા કોઈ વાંધો લઈ શકશે નહીં.

સહી.(અવાચ્ય)
કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા

તા.